# અરવલ્લી જિલ્લાના ટેકાના ભાવે પાંચ ખરીદ કેન્દ્રો પર રેવન્યુ અધિકારીઓ દૂર રહેતા ખરીદ પ્રક્રિયા ધીમી

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લામાં ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર નોંધણી પ્રક્રિયાથી મગફળી લઈ પહોંચતા છેડો ફાડયો હોવાથી અરવલ્લી જીલ્લાના ૫ ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર રેવન્યુ અધિકારીઓ ન પહોંચતા ખરીદીની પ્રક્રિયા ગોકળ



ગતિએ થતા ખેડૂતોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. પારદર્શકતા માટે નિરિક્ષણકાર્ય માટે મગફળી ખરીદ કેન્દ્રો મુકાયેલા મહેસૂલી કર્માચારીઓમાં સરકારે ગુમાસ્તાગીરી કરાવ્યાનો રોષ ભભૂક્યો છે. આથી, રાજ્ય રેવન્યુ કર્મચારી મહામંડળે ટેકાના ભાવે મગફળી ખરીદ પ્રક્રિયાનો બહિષ્કાર કરતા સરકાર સહીત ખેડૂતોની હાલત કફોડી બની છે.

ખેડૂતો અનેક પ્રકારની અડચણો અને ખરીદ કેન્દ્રો પર પ્રાથમિક સુવિધાના અભાવે ભારે યાતનામાંથી પસાર થવું પડતું હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. ત્યારે ટેકાના ભાવે મગફળી ખરીદીવા નાફેડના સત્તાક્ષેત્રનો મેન્ડેટ ગુજરાત સરકારને માંડ મળ્યો ત્યા હવે નાયબ મામલતદારો સહિતના મહેસૂલી કર્મચારીઓએ ખરીદી પ્રક્રિયામાંથી

રેવન્યુ મહામંડળ દ્વારા ગુરુવારથી ટેકાના ભાવે મગફળી પ્રક્રિયાનો બહિષ્કાર કરતા અરવલ્લી જીલ્લાના ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર રેવન્યુ અધિકારીઓ ન પહોંચતા મગફળી ખરીદ પ્રક્રિયા ઘોંચમાં પડી હતી. ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો પર ખેડૂતોના વાહનોની લાંબી કતાર લાગી હતી અને ધીમી કામગીરીના પગલે ભારે રોષ ભભૂકી ઉઠ્યો હતો.

રેવન્યુ અધિકારીના નામ ન જણાવાની શરતે જણાવ્યું હતું કે ગુજરાત સરકાર પુરવઠા વિભાગ દ્વારા મગફળી ખરીદી કરી રહી છે. નિગમ પાસે પોતાનું ક્વોલિટી કંટ્રોલ, તોલમાપ, ટ્રાન્સપોર્ટેશન માટે તંત્ર છે, વ્યવસ્થા છે. આમ છતાંયે મહેસૂલી કર્મચારીઓ પાસે આવા કામો લેવાઈ રહ્યા છે. ખરીદીમાં ગોટાળા ખુલે તો મહેસૂલી કર્મચારીઓ ભરાઈ જવાની ભીતિ હોવાના પગલે તથા અન્ય સરકારી કામકાજનો બોજના લીધે ખરીદીથી દૂર રહેવાના મહામંડળના આદેશનો લીધે કામગીરીથી દૂર રહ્યા હતા.

# વાવ વિધાનસભા ક્ષેત્રનું ભારતીય જનતા પાર્ટીનું નૂતનવર્ષ - સ્નેહમિલન યોજાયુ

વાવ, તા. ૨૩

સુઈગામ તાલુકાના કુંભારખા ગામે વાવ વિધાનસભા મતક્ષેત્રનું ભારતીય જનતા પાર્ટીનું અને સમાજના અગ્રણીઓને એકબીજાના સહયોગથી દુષ્કાળની પરિસ્થિતિનો સામનો કરવા હાકલ કરી હતી અને કપરા સમયમાં સૌના ઠાકોર, લવીંગજી સોલંકી, તાલુકા પ્રમુખ કાનજીભાઈ રાજપુત સહીત વાવ વિધાનસભા ક્ષેત્રના ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને વિવિધ



નૂતનવર્ષ સ્નેહમિલન પૂર્વમંત્રી અને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયું હતું.

વાવ-સુઈગામ અને ભાભર તાલુકાઓમાંથી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરોને સંબોધતાં પૂર્વમંત્રી અને આ વિસ્તારના પૂર્વ ધારાસભ્ય, બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ સૌ કાર્યકરો કલ્યાણ માટે પરીશ્રમ કરી સજ્જ થવા અપીલ કરીને દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

સ્નેહમિલન સમારંભમાં વિરાટ જનસુમદાયની હાજરીથી ભાવસભર વાતાવરણનું સર્જન થયું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ મંત્રી નૌકાબેન પ્રજાપતિ, પૂર્વ ધારાસભ્ય ભાવસિંહ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નૂતનવર્ષ સવારે બનાસડેરીના બાદરપુરા ઓઈલ પ્લાન્ટ ખાતે નૂતનવર્ષનું સ્નેહમિલન યોજાયું હતુ. જ્યાં મોટી સંખ્યામાં ખેડૂતો, સહકારી આગેવાનો, સહકારી કાર્યકરોએ ઉપસ્થિત રહી ચેરમેન શંકરભાઈ ચૌધરીને દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

# પાલનપુરના આબુ હાઈવે પર વાહનની ટક્કરે યુવકનું મોત

પાલનપુરમાં છેલ્લા એક સપ્તાહ માં અકસ્માતોની વણથંભી વણઝાર વચ્ચે વધુ એક અકસ્માતમાં આણંદના ૨૮ વર્ષીય યુવકનું અરેરાટીભર્યું મોત નિપજ્યું હતું.

આણંદના ધવલપુરા વિસ્તારમાં જલારામ સોસાયટીમાં રહેતો ૨૯ વર્ષીય યુવક રિપલ મહેન્દ્રભાઈ પટેલની પાલનપુરના આબુ હાઈવે સ્થિત એક ખાનગી બેંકમાં નોકરી મળી હતી. જે નોકરી મળતા તે પાલનપુરની બેંક માં તાલિમ અર્થે આવ્યો હતો. દરમિયાન, શુક્રવારની રાત્રે પાલનપુરના આબુ હાઈવે પર અન્નપૂર્ણા હોટલમાંથી દાળ ફ્રાય લઈ પરત ફરી રહેલો આ આશાસ્પદ યુવક જયારે હાઈવે ક્રોસ કરી રહ્યો હતો ત્યારે અજાણ્યા વાહનની ટક્કરે તે ટાયર નીચે આવી જતા તેનું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. પોતાનું મોત પોકારી રહ્યું હોય તેમ નોકરી મળતા પાલનપુર આવેલા યુવકને કાળ ભરખી જતા તેના પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. પોલીસે મૃતદેહને પી.એમ. અર્થે પાલનપુર સિવિલમાં ખસેડી તપાસ હાથ ધરી છે.

### અરવલ્લી અભયમ ૧૮૧ની ટીમે

# શિક્ષિકા મહિલાને ત્રાસ આપતા મહિલાના પતિને સમજાવતા ઘરસંસાર તૂટતો બચ્યો

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના અંતરિયાળ અને આદિવાસી



વિસ્તાર એવા મેઘરજ તાલુકાના ઈસરી પાસે આવેલ વાટા ગામે એક પતિ દ્વારા શિક્ષિકા તરીકે નોકરી કરતી પત્નીને ખોટા વહેમ રાખી શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો. શિક્ષિકા પત્નીની સ્કૂલમાં જઈને પણ બધા સ્ટાફ મેમ્બરની હાજરીમાં પત્નિ પર ખોટા ખોટા આરોપ લગાવતો હતો. ઘેર રહેલા ઘરડા માબાપને પણ માર મારતો અને માનસિક ત્રાસ આપતો હતો. આજરોજ આ શખ્સે પોતાની શિક્ષિકા પત્નીને ઘરમાં પુરી દીધી હતી જેથી પતિદેવના ત્રાસથી કંટાળી પત્નીએ અરવલ્લી ૧૮૧ અભયમનો સંપર્ક કર્યો જેથી ૧૮૧ અભયમના કાઉન્સિલર ચેતનાબેન ચૌધરી અને કોન્સ્ટેબલ પિન્ટુબેન મકવાણા તરત જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ઘરમાં પુરી રાખેલ પત્નીને મુક્ત કરાવી હતી. ત્યારબાદ માબાપને ત્રાસ આપતો હોવાથી કપૂત દીકરા જોડે ૧૮૧ની ટીમે માફી મંગાવી હતી અને દુષ્ટ પતિએ પત્નીની પણ માફી માંગી હતી. આમ અરવલ્લી ૧૮૧ અભયમની ટીમે વહેમી પતિને સમજાવી માબાપ અને પત્નીની માફી મંગાવી સુખદ સમાધાન કરાવ્યું હતું. આમ કળિયુગમાં આવા દુષ્ટ પતિ અને કપૂત દીકરાઓના વર્તન અને ૧૮૧ અભયમ દ્વારા એક તૂટતા પરિવારને બચાવવા કરાયેલ સુખદ સમાધાનને ગામલોકોએ આવકાર્યું હતું.

# શામળાજીના લોકમેળામાં ભક્તોનો મહેરામણ ઉમટ્યો

## ભાવિકો મેશ્વો નદીમાં આવેલ પવિત્ર નાગધરા કુંડમાં સ્નાન કરી પિતૃ ઋણથી મુક્ત થઈ ધન્ય બન્યા

શામળાજી, તા. ૨૩

આજે કારતક સુદ પૂનમના રોજ ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં ભવ્ય લોકમેળો યોજાયો હતો. જેમ દર વર્ષની આ વર્ષે પણ હૈયે હૈયું દળાય તેવી ભીડ જામી હતી. મેળામાં રાજસ્થાન ગુજરાત મધ્યપ્રદેશથી લાખો ભક્તો કાળિયા ઠાકોરના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા અને જિલ્લા અને રાજયભરમાથી ખૂબ મોટો ભકત સમુદાય ઉમટી પડી કાળિયા ઠાકરનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

યાત્રાધામ શામળાજીમાં આવેલ નાગધરા કુંડમાં સ્નાનનું આગવું મહત્વ છે. આસપાસનો આદિવાસી અને રાજસ્થાનથી આવતા શ્રદ્ધાળુઓ ચૌદશના દિવસે રાત્રી જાગરણ કરી પૂનમના દિવસે સવારે નાગધરા કુંડમાં સ્નાન કરે છે. અહીં આ કુંડમાં સ્નાન કરવાથી તેમના ગત થયેલા પિતૃઓને મોક્ષ મળે છે એવી વર્ષો પુરાણી માન્યતા રહેલી છે. નાગધરા કુંડ પાસે પૂજારીઓ દ્વારા પૂજાવિધિ કારાવે છે. આજના દિવસે ભક્તો પૂજાવિધિ દ્વારા ભૂત પ્રેત વળગાડ વગેરે દૂર થાય છે એવી માન્યતા રહેલી છે જેને લઈ આજે પણ વહેલી સવારથી જ આ કુંડમા શ્રદ્ધાળુઓએ ડૂબકી લગાવી પરંપરાગત સ્નાન કર્યું હતુ.

કારતક મહિનામાં ભારતભરમાં ચાર સ્થાનો પર કાર્તિકીના ચાર મેળા યોજાય છે તેમાનો એક યાત્રાધામ શામળાજીમાં યોજાય છે. આજે વહેલી સવારથી જ દુરદૂરથી લાખો



ભક્તો ભગવાન કાળિયા ઠાકોરના દર્શને આવે છે અને ધન્યતા અનુભવે છે. મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તોને દર્શન અને પ્રસાદ માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે.

પાંચ દિવસ ચાલનારા કાર્તિકી મેળામાં લાખો ભક્તો ભગવાન શામળિયાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. ત્યારે અરવલ્લી જિલ્લા પોલિસ દ્વારા પણ અવ્યવસ્થા ના થાય તે માટે ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. મેળા દરમિયાન દર વર્ષની જેમ આ વર્ષે પણ શામળાજી વિષ્ણુ મંદિર ટ્રસ્ટ દ્વારા મેળામાં આવતા ભક્તોની સુવિધા વ્યવસ્થા કરાઈ હતી.

શામળાજીનાં કાર્તિકી મેળાનો મોટો મહિમા હોઈ અરવલ્લી સાબરકાંઠા જીલ્લા ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશના યાત્રાળુઓ પણ આ મેળામા ઉમટતા હોઈ આ મહીનામાં શામળાજી તીર્થભૂમિ યાત્રાળુઓથી સતત ઉભરાય છે. સ્થાનિકો માટે ખાસ અહીંના આદિવાસી ભાઈ બહેનો માટે આ લોકમેળો અદના ઉમંગ ઉત્સાહનો અવસર બની રહે છે. કાળિયા ઠાકર તેમનાં ઈષ્ટ દેવ હોઈ સ્થાનિકોમા આ મેળાનો અનોખો મહિમા છે.

એક જમાનામાં ગવાતું ...શામળાજીનાં મેળે રમઝણીયું...રે...પેઝણીયું...બાજે નું લોકપ્રિય લોકગીત આજે ભલે ન ગવાતું હોય પણ આ મેળે એની સ્મૃતિ થયાં વીના રહેતી નથી. સ્થાનિકો આ દિવસોમાં પોતાના ખેતરે પકવતા આદું, લસણ, લીલી હળદર, શેરડી વગેરે લઈ અહી હાટડી માંડી વેચાણ કરવા આવે છે જેની ખરીદી શહેરીજનો અને મેળામાં આવતાં લોકો ખાસ કરે છે.

# માતૃશ્રી એલ.જે. ગાંધી બીસીએ કોલેજ, મોડાસાનું ગૌરવ

મોડાસા, તા. ૨૩

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની તાજેતરમાં ઓક્ટો- નઉમદભાઈએ નવમો ક્રમાંક મેળવી બીસીએ કોલેજનું ગૌરવ વધારેલ છે. વધુમાં આવી સુંદર સિદ્ધિ



૨૦૧૮માં લેવાયેલી બીસીએ સેમ-૩ની યુનિવર્સટીની પરીક્ષામાં અમારી કોલેજે ૯૦ ટકા પરીણામ મેળવેલ છે. જેમાં સોની પ્રિયાબેન જે. એ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં છઠ્ઠો ક્રમાંક, શેખ મહંમદ આમીર ફકરૂદીને આઠમો અને વ્હોરા મો. મુસફીરદ હાંસલ કરવા બદલ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી અને કોલેજના પ્રભારીમંત્રી અરવિંદભાઈ જે. મોદી તથા સુરેન્દ્રભાઈ જે. શાહે વિદ્યાર્થીઓને તેમજ કોલેજના કા. આચાર્ય પ્રો. રાજેશ મકવાણા તથા સમગ્ર સ્ટાફમિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

# ભિલોડા તાલુકાના ભાણમેર ગામમાં સ્નેહ મિલન સમારોહ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભાણમેર ગામમાં સ્નેહ મિલન સમારોહ કાર્યક્રમ ધામધુમ પુર્વક યોજાયો હતો. બરંડા પરીવાર કુળદેવી મહોત્સવ નિમિત્તે બરંડા પરીવારના સભ્યો ધ્વારા ધાર્મિક સમારોહ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડાં.અનિલભાઈ જોષીયારા, નિવૃત્ત આઈ.પી.એસ. અધિકારી પી.સી.બરંડા, જયંતીભાઈ નિનામા, સુર્યકાંતભાઈ, ખીમજીભાઈ સહિત બરંડા પરીવારના સભ્યો, ગ્રામજનો



કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો.રાજસ્થાન રાજ્યના ડુંગરપુર વિસ્તારના ડુંગર રાજવી પરિવારના વશંજોનો સ્નેહ મિલન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો.

ભાણમેર ગામના બરંડા નરસિંહભાઈ, સાંજાભાઈ, વાલજીભાઈના માર્ગદર્શન, પ્રેરણા અને આશીર્વાદથી સ્નેહ મિલન ઉપસ્થિત રહ્યા હતા. નિવૃત્ત અધિકારીઓને શાલ ઓઢાડી, મોમેન્ટો, ફુલછડી આપી વિશેષ સન્માન કરાયું હતું. બાળકોને શૈક્ષણિક કીટ, મોમેન્ટો, ટ્રોફી આપી સામાજીક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા આશીર્વાદ બરંડા પરીવારના વડીલોએ પાઠવ્યા હતા.

# સહયોગ કૃષ્ઠ યજ્ઞ દ્વારા ટ્રસ્ટ રાજેન્દ્રનગરમાં સેમિનાર યોજાયો

મોડાસા, તા. ૨૩

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાનું પવિત્ર તીર્થધામ એટલે સહયોગ કૃષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ રાજેન્દ્રનગર. દિલ બાદ બાગ થઈ જાય અને બદ્રીકેદારની તીર્થયાત્રા કરતા હોઈએ તેવી જ પવિત્ર લાગણીઓ ઉભરાય તેવું આ પ્રદેશનું યાત્રાધામ અને તેમાં ઋષિતુલ્ય સુરેશભાઈનું સાનિધ્યમાં એક સેમિનાર યોજાઈ ગયો. સાથે સાથે જીવદયાપ્રેમી નિલેશ જોષી અને સરસ્વતિ જેમના કંઠે વશી છે તેવા અમિત કવિની નિશ્રા હોય અને પાછો ગમતો વિષય 'શિક્ષકનું મુખ્ય કામ શું' ઉપર વક્તવ્ય હોય. આ સેમિનારમાં આ દેશની મુખ્ય ધરોહર શિક્ષક છે તથા દેશનું ચણતરનું કામ ભલે નેતાઓ કરે પણ ઘડતર તો શિક્ષક જ કરી શકે. શિક્ષકની અવગણના એ મોટુ પાપ બની શકે. આવા સરસ વિષય સાથેના સેમિનાર તાજેતરમાં જ યોજાઈ ગયો. આ સેમિનારમાં શિક્ષકો સાથે જિલ્લાના કેળવણીકાર અને કટારલેખક ડૉ. સંતોષ દેવકરે ઉપસ્થિત તમામ શિક્ષકોને પોતાની વાણીથી મંત્રમુગ્ધ કર્યા હતા. શિક્ષક દ્વારા બીજુ કઈ ન થઈ શકે તો ચાલશે પરંતુ વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસ ઉભો કરવાનું ભુલાય નહિ.



## શામળાજી મેળા દરમિયાન ત્રિપલ અકસ્માતથી ટ્રાફિક જામ સર્જાતા પોલીસે જામ હળવો કર્યો

અરવલ્લીના શામળાજી ખાતે કાર્તકી પુનમના મેળા દરમિયાન વહેલી સવારે સાત વાગ્યાના સમયે શામળવન પાસે મારુતિ વાને એક્ટિવા સવાર દંપતીને અડફેટે લેતા પાછળ આવતી ટ્રકે વાનને અડફેટે લેતા હાઈવે પર ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાયા હતા. આ અકસ્માતમાં એક્ટિવા સવાર દંપતી નીચે પટકાતા સામાન્ય ઈજાઓ થવા પામી હતી. અકસ્માતના પગલે શામળાજી પોલીસ ઘટનાસ્થળે આવી વાન અને એક્ટિવાને રોડ પરથી દૂર કરી ટ્રાફિકને હળવો કર્યો હતો. મેળામાં આવનાર શ્રદ્ધાળુઓ ટ્રાફિક વચ્ચે ફસાયા હતા. ૨૦ મિનિટ સુધી ટ્રાફિક જામ સર્જાતા વાહનોની લાંબી કતારો જામી હતી.

# જીરૂની લૂંટના આરોપીઓને ચાણસ્મા પોલીસે ઝડપ્યા

ઊંઝા, તા. ૨૩

ઊંઝા નજીકના શીહી ગામની સીમમાં આવેલ ગોડાઉનમાં ચોકિયાતોને બંધક બનાવી ૮.૬૬ લાખની મત્તાની જીરાની ૭૬ બોરીઓની લૂંટ ચલાવી બે જીપડાલાઓમાં નાસી છૂટેલા લૂંટારૂઓને પાટણ જિલ્લાની ચાણસ્મા પોલીસે વાહનો સાથે ઝડપી લઈ ધાડના ગંભીર ગુનાનો ભેદ ઉકેલી નાંખેલ છે.

સીટીના ગોડાઉનમાંથી બે જીપડાલાઓમાં લૂંટનો માલ ભરીને નીકળેલા ધાડપાડુઓ ચાણસ્મા તાલુકાના જીતોડા ગામે નાકાબંધીમાં ઉભેલી પોલીસને ચકમો આપીને નાસી ગયા હતા. જો કે ચાણસ્મા પોલીસે પીછો કરીને સેંધા ગામ નજીક બે જીપડાલાઓને આંતર્યા હતા. જેથી ગાડીઓમાં બેઠેલ લૂંટારૂઓ પૈકી બે શખ્સો ફરાર થઈ ગયા હતા. જ્યારે ત્રણ ઈસમો પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. બાદ પોલીસે અન્ય બે આરોપીઓને પણ ઝબ્બે કર્યા હતા. ચાણસ્મા પોલીસે બે જીપડાલા અને તેમાં ભરેલ જીરાની ૭૬ બોરીઓ, એક મોટરસાયકલ, છ મોબાઈલ ફોન મળી કુલ ૧૬,૫૬૮૬નો મુદ્દામાલ કબજે કરી આ સંદર્ભે મહેન્દ્ર ઈશ્વરજી ઠાકોર રહે. બુડા, તા. હારીજ, સમરત મેવાભાઈ રબારી રહે. થરા, કાનજી બાબુભાઈ રાવળ રહે. ઊંઝા તથા નાસી ગયેલા નરસિંહજી રત્નાજી ઠાકોર રહે. રામગઢ, તા. ચાણસ્મા અને કનૈયાલાલ ગોતારામ હાલ રહે. ઊંઝાવાળાને ઝડપી લઈ ઉનાવા પોલીસને જાણ કરી હતી.

નૂતન વર્ષાભિનંદન...
જયદિપ ન્યૂઝ પેપર એજન્સી
મો. ૯૬૩૮૧૮૮૭૯૬, ૯૬૨૪૩૦૨૫૪૬, ૭૮૭૭૮૫૨૦૦૫
Email : dashrathvanzara776@gmail.com
દશરથ વી. વણઝારા
પ્રતિનિધિ - ગાંધીનગર સમાચાર
કુમારશાળા સામે, મુ. તલોદ
પ્રેસનોટ તથા જાહેર ખબર માટે મળો.

દશરથ વી. વણઝારા

જયદીપ વણઝારા

સાબરકાંઠા જિલ્લા પંચાયત-હિંમતનગર
:::::::: નૂતન વર્ષાભિનંદન ::::::::
સ્તુતિ ચારણ (I.A.S.)
જિલ્લા વિકાસ અધિકારી
સાબરકાંઠા જિલ્લા પંચાયત
હિંમતનગર
રતનબેન કે. સુતરીયા
પ્રમુખ
સાબરકાંઠા જિલ્લા પંચાયત
હિંમતનગર
નેતાભાઈ એસ. સોલંકી
ઉપપ્રમુખ
નંદુભાઈ ડી. પટેલ
અધ્યક્ષ
કારોબારી સમિતિ
જયેશભાઈ બી. પટેલ
ચેરમેન
જિલ્લા શિક્ષણ સમિતિ
મિલ્કતસિંહ બી. રાઠોડ
ચેરમેન
જાહેર બાંધકામ સમિતિ
વાલાભાઈ કે. વણકર
ચેરમેન
સામાજીક ન્યાય સમિતિ
આનંદભાઈ એમ. લેબોલા
ચેરમેન
આરોગ્યસમિતિ
રેખાબેન એમ. પટેલ
ચેરમેન
મહિલા બાળકલ્યાણ અને યુવા પ્રવૃત્તિ સમિતિ
તેજુભાઈ એચ. ગમાર
ચેરમેન
ખેત ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિ
તેમજ જિલ્લા સદસ્યશ્રીઓ તથા અધિકારીશ્રીઓ/કર્મચારી ગણ
સાબરકાંઠા જિલ્લા પંચાયત, હિંમતનગર

નૂતન વર્ષાભિનંદન
ટ્રિનિટી
એજ્યુકેશનલ કેમ્પસ, તલોદ
પરિવાર તરફથી આપ સૌને નૂતનવર્ષના અભિનંદન અને શુભેચ્છાઓ...
(K-12 Sci., Eng & Guj. Medium)
Mobile App trinitytalod
Facebook trinitytalod
Whatsapp Mo. 6354878913
Web : www.trinitytalod.com
Contact No. 6354878913, 6354841752
ટ્રિનિટી એજ્યેકેશનલ કેમ્પસ, મોડાસા રોડ
તલોદ ટ્રિનિટી એજ્યુકેશનલ કેમ્પ, મોડાસા રોડ, તલોદ